# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

"પંડિત દીનદયાળ ભવન", ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.


પ્રતિ,                                                                    તા. ૨૨/૧૧/૨૦૧૭

તંત્રીશ્રી,

................................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન પ્રસિધ્ધ કરશોજી.

લિ.

(વિનોદ જૈન)

મીડિયા કન્વીનર, સુરત

- **આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો દક્ષિણ ગુજરાતમાં ઝંઝાવાતી ચૂંટણી પ્રવાસ.**
- **તારીખ ૨૭ અને તા. ૨૯ મી ના રોજ કામરેજ અને નવસારીમાં જંગી જનમેદનીને કરશે સંબોધન.**
- **ઉતરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથજી, કેન્દ્રિય મંત્રી શ્રી ધર્મેન્દ્રજી પ્રધાન, સાંસદ શ્રી પરેશ રાવલ સુરતમાં ગજવશે સભા.**

ગુજરાત વિધાનસભા ૨૦૧૭ની યોજાનારી ચૂંટણી માટે પ્રચાર પ્રસાર ની કામગીરી ધીમે ધીમે વેગ પકડી રહી છે. દેશની ધડકન અને હિન્દુસ્તાનના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ચૂંટણી પ્રચાર અર્થે આગામી દિવસોમાં દક્ષિણ ગુજરાતના પ્રવાસે આવી રહયા છે તેને લઈને કાર્યકર્તાઓ, શુભેચ્છકો અને દક્ષિણ ગુજરાતની જનતામાં અનેરો ઉત્સાહ

જોવા મળી રહયો છે. સૌ કોઇ નરેન્દ્રભાઈ મોદીને આવકારવા માટે થનગની રહયા છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૨૭ મી ના રોજ સાંજે ૫ વાગે કામરેજ અને તા. ૨૯ ના રોજ સાંજે ૫ વાગે નવસારી ખાતે જંગી જનમેદનીને સંબોધન કરશે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આવકારવા, સત્કારવા માટે દક્ષિણ ગુજરાતની જનતા દ્વારા વિવિધ આયોજનો કરવામાં આવી રહયા છે જ્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના પ્રવાસને લઈને તડામાર તૈયારીઓ શુરૂ કરવામાં આવી છે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથજી, કેન્દ્રીય મંત્રીશ્રી ધર્મેન્દ્રજી પ્રધાન તથા સાંસદ તેમજ ફિલ્મ કલાકાર પરેશ રાવલ આગામી ૨૬ મી ના રોજ સુરતના પ્રવાસે આવશે.

ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રીશ્રી યોગી આદિત્યનાથજી ચોર્યાસી અને લીંબાયત વિધાનસભા માટે નીલગીરી ગ્રાઉન્ડ, લીંબાયત ખાતે સાંજે ૭ કલાકે જંગી જનમેદનીને સંબોધન કરશે. જયારે કેન્દ્રીય મંત્રીશ્રી ધર્મેન્દ્રજી પ્રધાન તારીખ ૨૬ મી ના રોજ પૂર્વ, મજુરા અને ઉત્તર વિધાનસભામાં સભાઓ કરશે. સાંસદ તેમજ ફિલ્મ કલાકાર પરેશ રાવલ તારીખ ૨૬ મી ના રોજ પશ્ચિમ વિધાનસભામાં પાલનપુર જકાતનાકા, વીર સાવરકર સર્કલ ખાતે ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરશે.